वाणिज्यर्थं ततः शीघ्रं जमातृ सहितोवाणिका॥२२

ટીકા—આ વાતને ઘણાએક દિવસ વીતી ગયા પછી પોતાનું કર્મ ભોગવવા સારૂ પોતાના જમાઇને સાથે લેઇને વેપાર અર્થે સાધુવાણીયો ગયો. ૨૨

रत्नसारपुरे रम्येगत्वा सिंधुसमीपतः ॥
वाणिज्यमकरोत्साधुर्जामात्राश्रीमातासह ॥२३॥

ટીકા-તે સિંધુસમુદ્ર નજીક રતનસાગર નામના નગરમાં પોતાના જમાઇ સાથે ભારે વેપાર કરવા લાગ્યો. ૨૩

तौ गतौ नगरेरम्ये चंद्रकेतोनृपस्य च ॥
यत स्मिन्नेव काले तु सत्यनारायणः प्रभुः ॥२४॥

ટીકા—ને પછી ત્યાંથી ચંદ્રકેતુ નામના રાજાના શોભાયમાન શહેરમાં ગયો છે એવામાં ભગવાન શ્રી કૃપાસાગર સત્યનારાયણ પ્રભુ. ૨૪

भ्रष्टप्रतिज्ञमालोक्य शापं तस्मै प्रदत्तवान् ॥
दारुणं कठिनं चास्य महद्दुःखं भविष्यति ॥ २५ ॥

ટીકા–સાધુવાણીયો જુઠું બોલનારો એવું જાણીને તેને મોટું દુઃખ તથા બંધન તિરસ્કાર વિગેરે ઘણું દુઃખ પ્રાપ્ત થાઓ એવો શ્રાપ દેતા થયા. ૨૫

एकस्मिन् दिवसे राज्ञोधनमादायतस्करः ॥
तत्रैव चागतश्चोरोवणिजा यत्र संस्थितौ ॥ २६ ॥

ટીકા–એટલામાં જ્યાં સાધુવાણીયો પોતાના જમાઇ સાથે રહેતો હતો ત્યાં તે ગામના રાજાનું ધનખજાનો ફાડી બે ચોર ચોરી લાવી તેના રહેવાના ઘરમાં સંતાઇ રહ્યા. ૨૬

ततपश्चाद्धावकान्दूतान्दृष्ट्वाभीतेन चेतसा ॥
धनं संस्थाप्य तत्रैव स तु शीघ्रमलक्षितः ॥ २७ ॥

ટીકા–પણ તે ચોરને પકડવા રાજાના સીપાઇઓ તેમની પાછળ દોડી આવ્યા જોઇ ચોરો, જ્યાં સસરો અને જમાઇ સુતા હતા ત્યાં, ધન નાંખી દેઇ છાનામાના ત્યાંથી નાશી ગયા. ૨૭

ततोदूताः समायातायत्रास्तेसज्जनोवणिक ॥

दृष्ट्वा नृपधनं तत्र बध्वानीतौ वणिक्सुतौ ॥२८॥

ટીકા—તે પછી સીપાઈયો જે ઠેકાણે જમાઈ સાથે સાધુવાણીયો હતો ત્યાં રાજાનું ચોરેલું ધન પડેલું જોઈ સાધુવાણીયાને તથા તેના જમાઈને કેદ કરી બાંધીને લેઇ ગયા. ૨૮

हर्षेण धावमानश्च उचुर्नृपसमीपतः ॥
तस्करौ द्वौ समानीतौ विलोक्याज्ञापयप्रभो ॥२९॥

ટીકા—અને ઘણા આનંદથી દોડતા આવી રાજાને વરદી આપી કે, હે મહારાજ! બે ચોર લાવ્યા છીએ તેમને જોઈ હુકમ કરશો. ૨૯

राज्ञाज्ञस्मात्ततः शीघ्रदृढं बध्वा तु तावुभौ ॥
स्थापितौन्दौन्सहादुर्गे करागारेऽविचारतः ॥३०॥

ટીકા—એવું સાંભળી ચોરોને જોઈ વિચાર કર્યા વગર એકદમ કેદ કરવાની શાક્ષા આપતાંવારજ સીપાઈઓએ તેમને ખુબ બાંધી મોટા કેદખાનામાં લેઈ જઈને મુક્યા. ૩૦

मायया सत्यदेवस्य नश्रुतंकैस्तयोर्वचः ॥
अतस्तयोर्धनं राज्ञागृहीत चंद्रकेतुना ॥ ३१ ॥

ટીકા—આ કામમાં એ ચંદ્રકેતુરાજાએ શ્રી સત્યદેવ-ની માયાથી મોહીત થઇને ચોરીએ ગયેલું ધન તો લીધું પણ તેની સાથે અવિચારે સાધુવાણીયાનું ધન લુંટી લીધું. ૩૧

लच्छापाञ्च तयोर्गृहे भार्या चैवातिदुःखिता ॥
चौरेणापदहृतं सर्वं गृहे यच्च स्थितं धनं ॥ ३२ ॥

ટીકા—તેમજ શ્રી સત્યદેવના શ્રાપથી એ સાધુવા-ણીઆએ પોતાને ગામ પોતાના ઘરમાં મુકેલું બધું ધન્ય ચોરો લુંટી લઇ ગયા તેને લીધે તેની સ્ત્રી પણ ઘણીજ દુઃખી થઇ. ૩૨

आधिव्याधि समायुक्ताक्षुत्पिपासातिदुःखिता ॥
अन्नचिंतापराभूत्वा बभ्राम च गृहेगृहे ॥
कलावती तु कन्यापि बभ्राम प्रतिवासरं ॥ ३३ ॥

ટીકા—અને એ સાધુવાણીયાની સ્ત્રી લીલાવતી ઘ-ણા દુઃખથી અને ઘણી તરશ તથા ભુખથી ઘેર ઘેર ફરવા લાગી. ૩૩

एकस्मिन्दिवसे जाता क्षुधार्ताद्विजमंदिरं ॥
गत्वा परगदृव्रतं तत्र सत्यनारायणस्य च ॥३४ ॥

ટીકા—તેમજ તેની કન્યા કલાવતી ઘણી ન્હાની તે પણ હરરોજ ઘેર ઘેર ફરી માગીખાતી એક દીવસે તે કન્યાને ઘણીજ ભુખ લાગ્યાથી વ્યાકુળ થઇને એક બ્રાહ્મણના ઘરમાં ગઇ ત્યાંથી સત્યનારાયણદેવનું વ્રત તથા પુજા કરતા હતા તે તેણે જોયું. ૩૪

उपविस्य कथां श्रुत्वा वरं प्रार्थितवत्यपि ॥

प्रसादभक्षणं कृत्वा ययौ रात्रौ गृहं प्रति ॥ ३५ ॥

ટીકા—એ વ્રત તથા પુજા જોતાંજ ઘણી આનંદ પામીને ત્યાં બેઠી અને શ્રી સત્યનારાયણની કથા સાંભળીને સત્યદેવની પ્રાર્થના કરી કે મારૂં દુઃખ મટે ને મારો બાપ તથા સ્વામી મને મળે એવો આશિર્વાદ શ્રી સત્યદેવ પાસે માગી બ્રાહ્મણે આપેલો પ્રસાદ ખાઇ રોજના કરતાં ઘણી મોડી રાત્રે પોતાને ઘેર આવી. ૩૫

माता कलावतीकन्यां कथयामास प्रेमतः ॥

पुत्री रात्रौ स्थिता कुत्र किंते मनसि वर्तते ॥३६॥

ટીકા—તે ઘરમાં આવતાંવારજ તેની મા લીલાવતી કલાવતી નામની કન્યાને પુછે છે કે, હે પુત્રી? તું આજે આટલા રાત સુધી ક્યાં હતી ને શું તારા મન-

માં છે. ૩૬

कन्याकलावती प्राहमातरं प्रतिसत्वरं ॥
द्विजालये व्रतं मातर्दृष्टं वांछितसिद्धिदं ॥ ३७ ॥

ટીકા–કલાવતીકન્યા પોતાની માને ઉતાવળે ઉતાવળે કહે છે કે, હે મા! હું એક બ્રાહ્મણને ઘેર મનમાં ધારેલું કામ પાર પડે એવું વ્રત તથા પુજન અને કથા કરતા હતા ત્યાં બેઠી હતી. ૩૭

तच्छ्रुत्वा कन्यकावाक्यं वृतं कर्तुं समुद्यता ॥
सामुदातु वणिग्भार्या सत्यनारायणस्य च ॥ ३८ ॥

ટીકા–એ કન્યાનું બોલવું સાંભળીને લીલાવતી (સાધુવાણીયાની સ્ત્રી) શ્રી સત્યદેવનું વ્રત તથા પુજન કરવા સારૂં તત્પર થઈ. ૩૮

व्रतं चक्र सैवसाध्वी बंधुभिः स्वजनः सहः ॥
भर्तृजामातरौ क्षिप्रमागच्छेतां स्वमाश्रमं ॥ ३९ ॥

ટીકા–ને એ મહાસતી (સાધુવાણીયાની સ્ત્રી) પોતાના સગાવહાલા ભાઈભાંડુ સાથે શ્રી સત્યદેવનું વ્રત પોતાના સ્વામી તથા જમાઈ પોતાને ઘેર જલદી આવે એવા હેતુ મનમાં ધરી પુજન કરવા લાગી. ૩૯

अपराधं च मे भर्तुर्जामातुः क्षंतुमर्हसि ॥
व्रतेनानेनतुष्टोऽसा सत्यनारायणः पुनः ॥ ४० ॥

ટીકા—એ પુજન કરતી વખતે સત્યદેવની પાસે વારે વડી એવો વર માગતી હતી કે હે શ્રીસત્યનારણ પ્રભો મારા સ્વામી તથા જમાઇના અપરાધ ક્ષમા કરવાને આપજ યોગ છો એવી તે લીલાવતી (સાધુવાણીયાની સ્ત્રી) પ્રાર્થના કરતી હતી તેથી કરીને એ વ્રત તથા પુ-જનને ભગવાન શ્રીસત્યનારાયણપ્રભુ સંતોષ થયા ૪૦

दर्शयामास स्वप्नं हि चंद्रकेतुनृपोत्तमं ॥
बिदिनौमोचय प्रार्तणिजान्नृपसत्तम ॥ ४१ ॥

ટીકા—અને માયારૂપી ભગવાન સત્યદેવ એમણે ચં-દ્રકેતુ નામના, રત્નસાગરપુરનો રાજા કે જેણે લાવ-તીનો સ્વામી તથા જમાઇ એમને કેદખાનામાં મુકયા હતા તેને પોતે સ્વપ્નમાં આવી આજ્ઞા કરી કે, હે રા-જા ! તું નિરપરાધી બે વાણીયાને બંધીખાનેથી છોડી મુક. ૪૧

देयं धनं च तत्सर्वं गृहीतं यत्त्वसाधुना ॥
नोचेत्वां नाशयिप्यामि स राज्यधन पुत्रकं ॥ ४२

ટીકા—અને તેમનું જે સઘળું તેં હરણ કરી લીધેલું છે તે સઘળું પાછું આપ ને તેમને આદરસત્કાર કરીને વિદાય કર નહીં તો તારા ધન, ધાન્ય, રાજપાટ, સ્ત્રી પુત્ર સહિત તારા કુળનો નાશ કરીશ. ૪૨

एवमाभाष्यराजानं ध्यानगम्योऽभवत्प्रभुः ॥
ततः प्रभातसमये राजा च स्वजनैः सह ॥ ४३ ॥

ટીકા—એવું તે રાજાને સ્વપ્નમાં કહી શ્રી સત્યદેવ અંતરધ્યાન થઈ ગયા તે પછી રાજા પ્રભાતને સમયે પોતાના પ્રધાન વિગેરે મંડળી સાથે. ૪૩

उपविश्य सभामध्ये प्राह स्वप्नं जनं प्रति ॥
बद्धोमहाजनौ शीघ्रं मोचयद्वौ वणिक्सुतौ ॥ ४४॥

ટીકા—સભામાં સિંહાસન ઉપર બેશી સર્વે કચેરીને સ્વપ્ન કહ્યું ને સીપાઈયોને આજ્ઞા કરી કે બંદીખાને જે હમણાં વાણીયાના પુત્ર કેદખાને મુકયા છે તેમને છોડી મુકો. ૪૪

इति राज्ञोवचः श्रुत्वामोचयित्वामहाजनौ ॥
समानीय नृपस्याग्रे प्राहुस्ते विनयान्विताः ॥४५॥

ટીકા—એવી રાજાની આજ્ઞા થતાંજ સીપાઈઓએ

એ બેઉ જણાઓને બંધીખાનેથી છોડી રાજાની સ-
ભામાં લેઈ આવ્યા. ૪૫

आनीतौ द्वौ वणिक्पुत्रौ मुक्तौ निगडबंधनात् ॥
ततोमहाजनौ नत्वाचंद्रकेतुनृपोत्तमं ॥ ४६ ॥

ટીકા—ત્યાં એ બેઉ બંધીખાનેથી છુટેલા વાણીયાના પુત્ર રાજાને ઘણીજ નમ્રતાથી નમસ્કાર કરે છે. ૪૬

स्मरंतौ पूर्ववृत्तांतंनो चतुर्भय विह्वलौ ॥
राजा वणिक्सुतौवीक्ष्यवचः प्रोवचसादरं ॥४७॥

ટીકા—અને પોતાનો પુર્વનો હેવાલ મનમાં લાવી ભયભીત થઇ કાંઇ પણ બોલતો નથી એવા ઘણાજ ગરીબ વાણીયાના પુત્રોને જોઇ રાજા ચંદ્રકેતુ ઘણાજ આદરભાવથી પ્રધાન વિગેરે મંડળીને આજ્ઞા કરેછે કે,

दैवात्प्राप्तं महद्दुःखमिदानीं नास्ति वै भयं ॥
तदा निगडसंत्यागं क्षौरकर्माद्य कारयत् ॥ ४८ ॥

ટીકા—આ જે વાણીયાના પુત્રોએ આજસુધી કર્મના અંતરાયે કરીને મોટું દુઃખ ભોગવ્યું. હવે પછી એમને કાંઇપણ ભય નથી. એવી આજ્ઞા થતાંજ પગની બેડીઓ કાઢી નાંખીને હજામત કરાવરાવી. ૪૮

वस्त्रालंकारकं दत्वा परितोष्य नृपश्च तौ ॥
पुरस्कृत्य वाणिकपुत्रोवचसा तोषयद्भृशं ॥ ४९ ॥

ટીકા—વસ્ત્ર અને ઘરેણા વિગેરે પહેરાવી સંતોષીત કર્યા અને એ બેઉ જણાને પોતાની પાસે બેસારી સારૂં ભાષણ તેમની સાથે કરી ઘણાજ સંતોષ પમાડ્યા.

पुरानीतं तुय द्रव्यं द्विगुणीकृत्य दत्तवान् ॥
प्रोवाचता ततोराजा गच्छ साधोनिजाश्रमं ॥५०॥

ટીકા—અને એ બેઉનું પ્રથમ જેટલું ધન હરણ કર્યું હતું તેથી બમણું તેને આપ્યું અને ચંદ્રકેતુરાજા કહેવા લાગ્યો કે, હે વાણીયાભાઇ ? હવે જમાઇ સાથે તમો પોતાને ઘેર જાઓ. ૫૦

राजानं प्रणिपत्याह गंतव्यं त्वत्प्रसादतः ॥५१॥

ટીકા—આ પ્રમાણે રાજાનો હુકમ થયા પછી તરત રાજાને સાધુવાણીયો વંદન કરીને બોલ્યો કે, હવે હું આપના આશીર્વાદથી મારે ઘેર જઇશ. ૫૧

॥ इति श्री स्कंधपुराणे रेवाखंडे सत्यनारायणकथायां तृतीयोऽध्यायः ॥ ३ ॥

॥ અધ્યાય ચોથો ॥

॥ સુત ઉવાચ ॥

यात्रां तु कृतवान्साणुमंगलाय न पुर्विका ॥
ब्राह्मणाय धनं दत्वा तदा तु नगरं ययौ ॥ १ ॥

ટીકા–સુતજી કહે છે. આ પ્રમાણે સાધુવાણીયાએ મંગળકારી જાત્રા કરીને રાજા પાસેથી મળેલા ધનમાંથી થોડુંક બ્રાહ્મણોને વહેંચી આપી પોતાના નગર તરફ આવવા સારૂ નિકળ્યો. ૧

कोयदूरे गते साधौ सत्यनारायणः प्रभुः ॥
जिज्ञासां कृतवान् साधो किमस्ति तवनोस्थितं ॥२

ટીકા–ઘણે એક દુર સાધુવાણીયાનું વહાણ દરિયામાં જઇ એક ઠેકાણે લંગર કરેલું જોઇ ભગવાન શ્રી સત્યનારાયણપ્રભુને, સાધુવાણીયાને તારા વહાણમાં શું છે એ પુછવા ઇચ્છા થઇ. ૨

ततो महाजनौ मत्तौ हेलया च प्रहस्य वै ॥
कथं पृच्छसि भो दंडीन् मुद्रां नेतु किमिच्छसि ॥ ३

ટીકા–અને પરબ્રહ્મ ભગવાન શ્રી સત્યનારાયણ દેવ સન્યાસી બાવાનું રૂપ લેઇ, જે ઠેકાણે સાધુવાણીયાએ

વહાણ લંગર કર્યું હતું ત્યાં આવી એ બેઉ જણાને પુછે છે કે, તમારા વહાણમાં શું છે ? એ સન્યાસીબાવાનો પ્રશ્ન સાંભળીને, આ બંધીખાનેથી હમણાજ છુટેલા મસ્ત વાણીયાના પુત્રો એ સન્યાસીબાવાની મશ્કરી કરીને કહેવા લાગ્યાં કે, હે સન્યાસી બાવા ! આપ અમારા રૂપીઆ લેઇ જવા ઇચ્છો છો કે શું ? ૩

लतापात्रादिकं चेत्र वर्तते तरणौ मम ॥
निष्ठुरं च वचः श्रुत्वा सत्यं भवतु ते वचः ॥४॥

ટીકા—આવી રીતે પ્રથમ તેની મશ્કરી કરી કહે છે કે, મારા વહાણમાં વેલા તથા પાંદડાં વિગેરે ભરેલાં છે એવું તેમનું કઠોર ભાષણ સાંભળી ભગવાન શ્રી સત્યદેવે કહ્યું કે, તારૂં વચન સત્ય હજો. ૪

एवमुक्त्वागतः शीघ्रं दंडीतस्य समीपतः ॥
कियद्दूरे ततोगत्वास्थितः सिंधुसमीपतः ॥ ५ ॥

ટીકા—આ પ્રમાણે બાષણ કરીને આવેલો સન્યાસી સાધુવાણીયાથી આઘે જઇ દરિયાના કિનારે ઉભો રહ્યો. ૫

गते दंडिनिसाधुश्च कृत नित्यक्रियस्तदा ॥

उत्थितस्तरणीं दृष्ट्वां विस्मयं परमं ययो ॥ ६ ॥

टीका—सन्यासीआवो गयो एवुं जोइने साधुवाणीयो पोतानुं खावुंपीवुं विगेरे नित्यकृत्य करी रही जुवे छे तो वहाणु पाणी उपर तरवा लाग्युं. आ चमत्कार जोइने साधुवाणीयो घणोज विस्मय थयो. ६

दृष्ट्वा लतादिकं चवमूर्छितोन्यपतद्भुवि ॥

लब्धसंज्ञोवणिक्पुत्रस्तश्चिंतान्वितोऽभवत् ॥ ७ ॥

टीका—अने वहाणमां जुवे छे तो बधा वेला तथा पांदडां जोयां. ते जोइने एकदम शोकथी भोंय उपर पड्यो ने ते पछी घणीवारे शुद्धि उपर आव्यो अने चिंता करवा लाग्यो. ७

तदा तु दुहितुः कांतोवचनं चेदमब्रवीत् ॥

किमर्थं क्रियते शोकः शापोदत्तश्च दंडिना ॥ ८ ॥

टीका—एटलामां तेनो जमाइ तेने एवुं बोल्यो के, तमे शामाटे फीकर करो छो. तमोने हमणांज आवेला सन्यासी साधुने श्राप आप्यो ते थी एवुं थयुं. ८

शक्यते तेन सर्वं हि कर्तुं चात्र न संशयः ॥

अतस्तच्छरणं यामोवांछितार्थं भविष्यति ॥ ९ ॥

ટીકા—અને તેના બોલવાથી આ પ્રમાણે થયું એમાં કાંઇપણ સંદેહ નથી. માટે આપણે તેમને શરણે જઇએ એટલે આપણું ધારેલું કામ સિદ્ધ થશે. ૯

जामातुर्वचनं श्रुत्वा तत्सकाशं गतस्तदा ॥

दृष्ट्वा च दंडिनं भक्त्या नत्वा प्रोवाच सादरं ॥१०॥

ટીકા—એવું જમાઇનું બોલવું સાંભળીને સાધુવાણીયો, એ સન્યાસી જ્યાં હતો ત્યાં તેની પાસે જઇ સાષ્ટાંગ નમસ્કાર કરી ભક્તિપુર્વક આદરસત્કારથી બોલે છે કે. ૧૦

क्षमस्व चापराधं मेयदुक्तं तव संन्निधौ ॥

एवं पुनः पुनर्नत्वामहाशोकाकुलोऽभवत् ॥ ११ ॥

ટીકા—હે યતિશ્વર મહારાજ ! મારા અપરાધની ક્ષમા કરો એવું વારે ઘડીએ કહે છે, ને કહે છે કે જે હું આપની પાસે બોલ્યો તેની ક્ષમા કરો એવું બોલી ઘણા શોકથી આકુળ વ્યાકુળ થયો. ૧૧

प्रोवाच वचनं दंडी विलपंतं विलोक्य च ॥

मरीचीः श्रृणुमद्वाक्यं मम पुजाबहिर्मुखः ॥ १२ ॥

ટીકા—એવું જોઇને તે યતિશ્વર સન્યાસી કહે છે કે,

હે વાણીયા ! તું રે મા. તું મારી પુજાથી બહિર્મુખ થયો. ૧૨

ममाज्ञेया च दुर्बुध्धेलब्धं दुःखं मुहुर्मुहुः ॥
तच्छुत्वाभगवद्वाक्यं स्तुतिं कर्तुं समुद्यतः ॥१३॥

ટીકા—અને હે દુષ્ટ બુદ્ધિવાળા ! તને મારી આજ્ઞાથીજ ઘણા દુઃખો ભોગવવાં પડ્યાં એવું પરબ્રહ્મ ભગવાનનું વાકય સાંભળીને સાધુવાણીયા શ્રી સત્યદેવને વિનંતી કરવા લાગ્યો. ૧૩

॥ साधुरूवाच ॥

त्वन्मायामहिताः सर्वब्रह्माद्यास्त्रिदिवाकसः ॥
नजानंति गुणान् रुपं तवाश्चर्यमिदप्रभो ॥ १४ ॥

ટીકા—સાધુવાણીયો કહે છે કે હે દેવ ! આપની માયાથકી બ્રહ્માદિ સર્વ દેવ મોહિત થયા છે અને એ દેવ છતાં પણ હે પ્રભુ ! આપણા રૂપ ગુણ આદિ વૈભવ જાણતા નથી એ મોટું આશ્ચર્ય જેવું છે. ૧૪

मूढोऽहं त्वां कथं जाने मोहितस्तवमायया ॥
प्रसिदपूजयिष्यामि यथा विभव विस्तरः ॥ १५ ॥

ટીકા—હું તો એક પામર માણસ અને તારૂં મારૂં આ માયા જાણનારો છું, આપને કયાંથી જાણું એવો હું અજ્ઞાન તે માટે મારા ઉપર પ્રસન્ન થાઓ પછી હું આપની સંપત્તીના વધારા પ્રમાણે વીધી વીધાનથી પુજા કરીશ. ॥ ૧૫ ॥

पुरावित्तं च तत्सर्वं त्राहिमां शरणागतं ॥
श्रुत्वा भक्तियुतं वाक्यं परितुष्टो जनार्दनः ॥१६॥

ટીકા—હું મારા વહાણમાં ધન્ય વીગેરે છતાં કપટ ભાવથી ખોટું બોલ્યો એ માટે હે ઇશ્વર તે થકી મારૂં રક્ષણ કરનાર આપ સમર્થ છો એવું ભક્તિ ભાવનું સાધુ વાણીયાનું વચન સાંભળીને ભગવાન શ્રી સત્ય દેવ સંતોષ પામ્યા અને એ સાધુ વાણીયાને તેને મન-વાંછીત ફળ આપી ભગવાન અંતરધ્યાન થયા ॥ ૧૬॥

वरं च वांछितदत्वां तत्रैवांतरदधे हरिः ॥
ततोना वंसमारुह्य दृष्टावित्तप्रपूरितां ॥ १७ ॥

ટીકા—એટલામાં સાધુ વાણીયો જુવે છે તો પોતાનું વાહાણ પ્રથમ પ્રમાણે ધનથી ભરેલું છે ॥ ૧૭ ॥

कृपया सत्यदेवस्य सफलं वांछितं मम ॥

इत्युक्तास्त्वनैः सार्द्धं पूजां कृत्वा यथा विधि ॥१८
આવું આશ્ચર્ય જોતાંજ સાધુ વાણીયો કેહે છે શ્રી સત્યદેવનો પ્રસાદ થકી મારૂ મનચ્છીત પુર્ણુ થયું એવું બોલી ત્યાં જે તેના સગાવાહલા હતા તે સાથે યથા-વીધી શ્રી સત્યદેવનું પુજન કર્યું ॥ ૧૮ ॥

हर्षेण चाभवत्पूर्णः सत्यदेव प्रसादतः ॥
नावं संयोज्य यत्नेन स्वदेशगमनं कृतम् ॥१९॥
ટીકા–તે પછી એ સાધુ વાણીયો સત્યદેવની કૃપાથી સુખી થયો અને વાહાણ તૈયાર કરાવી પોતાને દેશ જવા સારૂ નીકલ્યો ॥ ૧૯ ॥

साधुर्जामातरं प्राह पश्य रत्नपुरिं मम ॥
दूतं च पेषयामास निज वित्तस्य रक्षकं ॥ २० ॥
ટીકા–વાહાણમાં બેઠેલા જમાઈને સસરો કહે છે કે હે જમાઈરાત મારી રત્નસારપુરી નગરી દેખાય છે તે જુવો એવું કહીને પોતાના ધનનું રક્ષણ કરનાર સિ-પાઈયોમાંથી એક સિપાઈને પોતાને ઘેર પોતે આવ્યાનું વર્તમાન કહેવા સારૂ મોકલ્યો ॥ ૨૦ ॥

दूतोऽसौ नगरं गत्वा साधुभार्यां विलोक्य च ॥

प्रोवाच वा वांछितं वाक्यं न त्वाबलांजलिस्तदा॥

टीका—એ વાહાણમાંથી ઉતરેલા સીપાઇયે રત્નસારપુરી નગરીમાં જઇ સાધુવાણીયાને ઘેર સાધુવાણીયાની સ્ત્રીને જોઇને તેની આગળ હાથ જોડ્યા તે વખતે તે સ્ત્રી પોતાના સ્વામી તથા જમાઇ આવવાની ઇચ્છા કરતી હતી ॥ ૨૧ ॥

निकटे नगरस्यैव जामात्रासहितोवणिक ॥
आगतोबंधुवर्गैश्व वित्तैश्च बहुभिर्युतः ॥ २२ ॥

ટીકા—તેજ એ સિપાઇએ કહ્યું કે આપના સ્વામી આપના નગરની સમીપમાં જમાઇ તથા બંધુ વર્ગ સાથે ઘણું ધન કમાઇને આવ્યા છે. ૨૨

श्रुत्वा दूतमुखाद्वाक्यं महाहर्षवती सती ॥
सत्यपूजां ततः कृत्वा प्रोवाच तनुजां प्रती ॥२३॥

ટીકા—એ સિપાઇના મોંનુ બોલવું સાંભળીને એ સતી વાણીયાની સ્ત્રી ઘણીજ હર્ષમાન થઇ અને શ્રી સત્યદેવનું તેજ વખતે પુજન કરીને પોતાની કન્યાને કહેવા લાગી. ૨૩

व्रजामि शीघ्रमागच्छ साधु संदर्शनाय च ॥

इति मातृवच श्रुत्वा व्रतं कृत्वा समाप्य च ॥२४

ટીકા—હે મ્હારી વ્હાલી કન્યા! હું સ્વામીના દર્શન માટે પ્રથમ જાઉં છું. તું તારા બાપનું દર્શન કરવા આવ. એવું માન વચન સાંભળીનેકલાવતી કન્યાએ શ્રી સત્યનારાયણના વ્રતની સમાપ્તી કરી. ૨૪

प्रसादं च परित्यज्य गतासा पिपतिं प्रति ॥
तेन रुष्टः सत्यदेवो भर्त्तारतरणीं तथा ॥ २५ ॥

ટીકા—અને પ્રસાદ લીધા વગર પોતાના સ્વામીનું દર્શન કરવા તત્પર થઇને તરત ગઈ. તે અપમાને કરીને શ્રી સત્યદેવ તેના ઉપર કોપાયમાન થયા. અને તેનો સ્વામી જે વહાણમાં હતો તેમાંજ બધું ધન હતું તેજ વહાણ જમાઇ ધન સાથે. ૨૫

संहृत्य च धनैः सर्द्धं जले तस्यावमज्जयन् ॥
ततः कलावती कन्या न विलोक्य निजंपतिं ॥२६

ટીકા—દરીઆમાં અદ્રશ્ય થઇ ગયું તે પછી ઘણીજ જલદીથી આવેલી કલાવતીકન્યાએ પોતાના સ્વામીને દીઠો નહીં. ૨૬

शोकेन महता तत्र रुदती चापतद्भूवि ॥

दृष्ट्वा तथा विधानावं कन्यां च बहु दुःखितां ॥२७

ટીકા—તે ઉપરથી તેને તેટલું તો દુઃખ અને શોક થયો કે જેમ પવનથી કેળનું ઝાડ એકદમ ભોંયઉપર પડે છે તેમ એ એકાએક રોતી રોતી ભોંય ઉપર પડી આ પ્રમાણે વહાણના તથા કન્યાના હેવાલ જોઇ. ૨૭

भीतेन मनसा साधुः किमाश्चर्यमिदं भवेत् ॥
चिंत्यमानाश्च ते सर्वे बभूवुस्तरिवाहकाः ॥ २८ ॥

ટીકા—ગભરાઇ ગયેલા મનનો સાધવાણીયો કહે છે કે આ શું આશ્ચર્ય છે તેમ વહાણવાળા પણ ગભરાઇ ગયા. ૨૮

ततोलीलावतीकन्यां दृष्ट्वा सा विह्वलाभवत् ॥
विललापातिदुःखेन भर्तारं चेदमब्रवीत् ॥ २९ ॥

ટીકા—પછી લીલાવતી પોતાની કન્યા ભયભીત થયેલી જોઈ દુઃખથી ઘણોજ વિલાપ કરી પોતાના સ્વામીને કહે છે. ૨૯

इदानीं नौकया सार्द्धं कथं सोऽभूदलक्षितः ॥
नजानेकस्य देवस्य हेलया चैवसाहृता ॥ ३० ॥

ટીકા—જોતાં જોતાંમાં વહાણમાં આપણો જમાઇ વહાણ સાથે અદ્રશ્ય થઇ ગયો એ તો કાંઇ પણ કારણ છે અથવા કોઇ દેવનો અપરાધ થવાથી એ દેવ એ વહાણ કારણરૂપ અદ્રશ્ય કર્યું નહીં હોય. ૩૦

सत्यदेवस्य महात्म्यं ज्ञातुं वा केन शक्यते ॥
इत्युक्त्वा विलळापैव ततश्च स्वजनः सह ॥ ३१ ॥

ટીકા—અથવા શ્રી સત્યદેવનું મહાત્મ જાણવાને કોણ શક્તિમાન છે એવું કહીને ઘણા લોકો મળીને ઘણો શોક કરી રડવા લાગી. ૩૧

ततोलीलावतीकन्यां क्रोडे कृत्वा रुरोदह ॥
ततः कलावती कन्या नष्टे स्वामिनि दुःखिता॥३२

ટીકા—અને પછી પોતાની કન્યા કલાવતીને ખોળે બેસારી ઘણા વખત સુધી દુઃખથી રડવા લાગી તે જોઇ કલાવતીએ પોતાના સ્વામી મરી ગયો છે એવું ધારીને. ૩૨

गृहीत्वा पादुकां तस्याऽनुगंतुं च मनोदधे ॥
कन्यायाश्चरितं दृष्टा सभार्ययः सज्जनोवणिकः॥३३

ટીકા—પોતાના સ્વામીની પાદુકાઓ લેઇ તે સાથે

પોતે સતી થવાને તૈયાર થઇ એ કન્યા કલાવતી પોતાના સ્વામીની પાદુકાઓ સાથે મળી મરવાનો નિશ્ચય જોઇ સ્ત્રી સાથે સાધુવાણીયો. ૩૩

अति शोकेन संतप्तश्चिंतयामास धर्म वित् ॥
हृतं वा सत्यदेवेन भ्रांतोहंसत्यमायया ॥ ३४ ॥

ટીકા—ઘણા શોકથી ત્રાસ પામેલો એવો ધર્મ વિચારથી ચિંતા કરીને બોલે છે શું ? શ્રી સત્યદેવે તો એનું હરણ કર્યું નહીં હોય અને તેમની માયા થકી મોહિત થઇને તો વ્રત હું જાણતો નથી. ૩૪

सत्यपूजां करिष्यामि यथा विभव विस्तरे ॥
इति सर्वानूसमाहूय कथयित्वा मनोरथम् ॥३५॥

ટીકા—તો આ કામને વાસ્તે બહુ જ ધન ખરચીને એ શ્રી સત્યદેવનું વ્રત કરીશ એવું બધા જણને પાસે બોલાવી પોતાનો મનોરથ કહ્યો. ૩૫

नत्वा च दंडवद्भूमौ सत्यदेवं पुनः पुन ॥
ततस्तुष्टः सत्यदेवोदीनानां परिपालकः ॥ ३६ ॥

ટીકા—અને શ્રી સત્યદેવને વારે ઘડીએ દંડ જેમ નમસ્કાર કરવા લાગ્યો, એવા એ સાધુવાણીયા અન-

ન્યભાવથી શ્રી સત્યદેવને શરણે ગયો તેથી શ્રી સત્યદેવ જે દિન જનોને પાળવાનો શમશેર ફેરવનારા તે સંતુષ્ટ થયા. ૩૬

जगादृवचनं चैन कृपया भक्तवत्सलः ॥
त्यक्त्वा प्रसादं ते कन्यापतिं द्रष्टुं समागता ॥३७

ટીકા—આકાશમાંથી અશરીર વાણીથી સાધુવાણીઆને ભક્તવત્સલ ભગવાન કૃપાથી કહેવા લાગ્યા કે, અરે એ સાધુવાણીઆ! તારી કન્યા મારૂં પુજન કરીને પ્રસાદ ખાધા વગર પોતાના સ્વામીના મોહથી ઉતાવળી થતી આવી. ૬૭

अतोऽदृष्टोऽभवत्तस्याः कन्यकयाः पतिर्ध्रुवम् ॥
गृहं गत्वा प्रसादं च भुक्त्वा सयाति चेत्पुनः ॥ ३८॥

ટીકા—આ કારણથી તેનો પ્રવામી આ સમુદ્રમાં અદ્રશ્ય થયો છે એમાં કાંઇ પણ સદેહ નથી તે માટે જો એ ઘેર જઇ પ્રસાદ ખાઇ પાછી આવશે. ૩૮

लब्धभर्त्रीसुता साधो भविष्यति न संशयः ॥
कन्यका तादृशं वाक्यं श्रुत्वा गगनमंडलात् ॥३९॥

ટીકા—તો આ તારી કન્યા તેના સ્વામીને જોશે

એમાં લગારે પણ સંદેહ માનીશ નહીં. ૩૯

क्षिप्रं तदा गृहं गत्वा प्रसादं च बुभोज सा ॥
सा पश्चात्पुनरागत्य ददर्श सजनं पतिं ॥ ४० ॥

ટીકા—એવા અશરીર આકાશમાંના વાક્ય સાંભળતાં વારજ કલાવતી જલદીથી પોતાને ઘેર જઇ પ્રસાદ ખાધ. પાછી પોતાને ઠેકાણે આવીને જુવે છે તો તેજ વખતે સ્વજન અને પોતાનો સ્વામી તેના નજરે પડ્યા. ૪૦

ततः कलावती कन्या जगाद पितरं प्रति ॥
इदानिं च गृहं याहि विलंब कुरुषे कथं ॥ ४१ ॥

ટીકા—તે પછી એ કલાવતી કન્યા પોતાના બાપને કહે છે કે, હે તાત! હવે જલદી આપને ઘેર પધારો શામાટે વિલંબ કરો છો. ૪૧

तच्छ्रुत्वा कन्यायामां वाक्यं संतुष्टोऽभुद्वणिक्सुतः॥
पूजनं सत्यदेवस्य कृत्वा विविविधानत ॥ ४२ ॥

ટીકા—એવું કન્યાનુ મધુર ભાષણ સાંભળીને સાધુવાણીયો આનંદ પામ્યો અને પછી વિધિ વિધાનથી શ્રી સત્યદેવનું પુજન કર્યું. ૪૨

धनैर्बंधुगुणैः साद्धजगाम निजमंदिरं ॥
पौर्णमास्यां च संक्रांतौ कृहवान्सत्यपूजनं ॥४३॥

ટીકા-અને ઘણું ધન્ય અને પોતાના સગાવહાલા ઇષ્ટ મિત્ર સાથે પોતાના ઘેર આવ્યો અને તે પછી દરેક પુનમે સુર્ય સંક્રાંતીને દિવસે શ્રી સત્યદેવનું પુજન કરતો. ૪૩

इहलोके सुखं भुक्त्वाचां ते सत्यपुरं ययौ ॥ ४४ ॥

ટીકા-ને થકા એ સાધુવાણીયો આ મનુષ્ય લોકમાંના સર્વ સુખ ભોગવી અને મરણ પછી શ્રી સત્યપુરને વિષે ગયો. ૪૪

॥ इति श्री स्कंधपुराणे रेवाखंडे सत्यनारायणकथायां प्रथमोऽध्यायः ॥ १ ॥

॥ अध्याय पांचमो ॥

॥ सुत उवाच ॥

अथान्यच्च प्रवक्ष्यामि शृणुध्वं मुनिसत्तमाः ॥
आसीत्तु गध्वजोराजाप्रजापालन तत्परः ॥ १ ॥

ટીકા-સુતજી કહે છે કે, હે મુનિ ! એકજી શ્રી સ-

ત્યદેવ વિષે એથી પણ બીજો એક ઇતિહાસ કહું છું તે સાંભળો. પુર્વે અંગધ્વજ નામનો રાજા પ્રજાનું પાલણ કરવાને તત્પર એવો હતો. ૧

प्रसादं सत्यदेवस्य त्यक्त्वा दुःखमवापस ॥
एकदा स वनं गत्वा हत्वा बहुविधान्पशून् ॥ २ ॥

ટીકા—એ રાજાએ શ્રી સત્યદેવનો પ્રસાદ છાંડ્યો. આ દોષથી ઘણુંજ દુઃખ પામ્યો તે એવું કે એક દિવસે તે રાજા હરણના શિકાર કરવા વનમાં જઇ ઘણા પશુને મારી. ૨

आगत्यवटमुलं च दृष्ट्वा सत्यस्य पूजनं ॥
गोपाः कुर्वंति संतुष्टा भक्तियुक्ताः स बांधवाः ॥३॥

ટીકા—એક વડના ઝાડના થડ નજીક આવ્યો અને શ્રી સત્યદેવનું પુજન થતું તેણે જોયું એ પુજન ગોપગણ એટલે ગોવાળીયા સર્વે પોતાના બાંધવોની સાથે ભક્તિથી કરતા હતા.

राजदृष्टा तु दर्पेण न गत्वा तन्नं नामसः ॥
ततोगोपगणाः सर्वेप्रावंस नृपसन्निधौ ॥ ४ ॥

ટીકા—તે જોઇને પણ રાજા તેમની પાસે ગયો ન-

હી તેમ દુરથી પણ તેણે નમ્રતાથી નમસ્કાર કર્યો ન-
હી તોપણ ગોપગણોએ પુજન કર્યા પછી પ્રસાદ રા-
જાની પાસે મુક્યો. ૪

संस्थाप्य पुनरागत्यमुक्त्वा सर्वं यथेप्सितं ॥
ततः प्रसादं संत्यज्य राजा दुःखमवापसः ॥ ५ ॥

ટીકા—ખાધા પાછા આવ્યા અને પ્રસાદ ખાઈ પ-
રમ આનંદમાં રહ્યા. આણીગમ રાજાએ એ પ્રસાદ ન
લેતાં ત્યાંજ રહેવા દીધો એ કારણથી એ ઘણુંજ દુઃખ
પામ્યો. ૫

तस्य पुत्र शतं नष्टं धनधान्यादिकं च यत् ॥
सत्यदेवेन तत्सर्वं नाशितं मम निश्चितं ॥ ६ ॥

ટીકા—તેના સો પુત્ર મરી ગયા ધન્યધાન્ય ઇત્યા-
દિ જે કાંઇ હતું તે બધુ જતું રહ્યું ત્યારે તે રાજાને
મનમાં વિચાર ઉત્પન્ન થયો કે મારૂં આ સર્વ શ્રી સ-
ત્યદેવેજ નિશ્ચે હરણ કર્યું છે.

अतस्तत्रैव गच्छामि यत्र देवस्य पूजनं ॥
मनसा तु वि निश्चित्य ययौ गोपाल सन्निधौ ॥७॥

ટીકા—એ માટે હવે જ્યાંસુધી શ્રી સત્યદેવનું પુ-

જન કરો ત્યાંજ હું જઇશ એવું મનમાં લાવીને રાજા ગોપગણ પાસે આવ્યો ૭

ततोऽसौ सत्यदेवस्य पूजां गोपगणैः सह ॥
भक्ति श्रद्धान्वितोभूत्वा चकार विधिनानृपः ॥८॥

ટીકા—અને ભક્તિથી એ ગોપગણો સાથે શ્રી સત્યદેવનું પુજન કરવા લાગ્યો ૮

सत्यदेव प्रसादेधनपुत्रान्वितोनऽभवत् ॥
इहलोके सुखं भुक्त्वाचा ते सत्यपुरं ययौ ॥ ९ ॥

ટીકા—તે પછી સત્યદેવના પ્રસાદથી એ રાજા ધન તથા પુત્રવાન થયો અને આ મનુષ્ય લોકમાં સર્વે સુખ ભોગવીને અંતે સત્યપુરને વિષે ગયો. ૯

य इदं कुरुते सत्यव्रतं परम दुर्लभं ॥
शृणोति च कथां पुण्यां भक्तियुक्त फलप्रदां ॥१०॥

ટીકા—આવું આ ઘણું દુર્લભ શ્રી સત્યનારાયણ વ્રત જે કોઇ સ્વીકારે છે અથવા જે કોઇ ભક્તિપુર્વક પુણ્ય અને ફળ આપનાર આવી આ શ્રી સત્યનારાયણની કથા સાંભળે છે. ૧૦

धन धान्यादिकं तस्य भवेत्सत्यप्रसादतः ॥
दरिद्रोलभते वित्तं बद्धोमुच्येत बंधनात् ॥ ११ ॥

ટીકા-તને ભગવાન શ્રી સત્યદેવના પ્રસાદથી ધન ધાન્ય વિગેરે સંપત્તિ પ્રાપ્ત થાય છે. દરિદ્રી હોય તેને ધન લાભ થાય છે બંદીખાને પડ્યા હોય તો તેથી મુક્ત થાય છે. ૧૧

भीतोभयात्प्रमुच्येत सत्यमेव न संशयः ॥
ईप्सितं च फलमुक्त्वाचां ते सत्यपुरं व्रजेत् ॥१२॥

ટીકા-જેને ભય પ્રાપ્ત થયું હોય તો તે ભય થકી મુક્ત થાય આ સત્ય છે એમાં કાંઇ પણ સંદેહ નથી. શ્રી સત્યદેવનું વ્રત કરનારો માણસ આ લોકને વિષે સર્વે સુખ ભોગવીને અંતે સત્યપુર એટલે વૈકુંઠને વિષે જાય છે ૧૨

इति वः कथितं विप्राः सत्यनारायणव्रतं ॥
यत्कृत्वा सर्व दुःखेभ्योमुक्तोभवति मानवः ॥१३॥

ટીકા-સુતજી કહે છે કે, હે શૌનક આદિ રૂષીઓ આ પ્રમાણે આપને શ્રી સત્યનારાયણ વ્રત કહ્યું, તે વ્રત કર્યાથકી માણસ સર્વ દુઃખથકી મુક્ત થાય છે.૧૩

विशेषतः कलियुगे सत्यपूजा फल प्रदा ॥
केचित्कालं वदिष्यंति सत्यमीशं तमेव च ॥ १४ ॥

ટીકા—તેમાં મુખ્યત્વે કરીને આ ઘોર કળીયુગમાં ફળ આપનારી આ શ્રી સત્યદેવની પુજાજ સમર્થ છે કેટલાકએક દિવસસુધી આ સત્યનારાયણને (સત્યઇશ) એવું કહે છે. ૧૪

सत्यनारायणं केचित्सत्यदेवं तथापरे ॥
नानारुपधरोभूत्वा सर्वेषामीप्सितप्रदः ॥ १५ ॥

ટીકા—કોઇ સત્યનારાયણ કોઇ સત્યદેવ એવું કહે છે પણ એ ભગવાન અનેક રૂપ ધારણ કરીને સર્વ જીવ માત્રના ઇચ્છિત ફળ આપનારા. ૧૬

भविष्यति कलौ सत्यव्रतं रुपी सनातन ॥
य इदं पठते नित्यं शृणोति मुनिसत्तमाः ॥ १६ ॥

ટીકા—ને કળીયુગને વિષે તે સનાતન એટલે ચિરકાળ વ્રતરૂપી એવો થશે. આ સત્યનારાયણ વ્રત કથાનો જે કોઇ નિત્ય પાઠ અગર શ્રવણ કરે તો તેને સુતજી કહે છે, હે શૌનક આદિ મુનિઓ! શ્રી સત્યદેવના પ્રસાદથી સર્વે પાપો જતા રહે છે. ૧૧

॥ सत्यनारायणनी आरती ॥

જય લક્ષ્મીકાન્તા, પ્રભુ શ્રી લક્ષ્મીકાન્તા; (૨)
સત્યનારાયણ સ્વામી, જન અઘના હરતા. જય૦ ટેક.
મણિમય સિંહાસનપર, અદભુત છબી રાજે; પ્રભુ૦
નારદ કરેછે નિરાંજન, ઘંટ ધ્વનિ વાજે. જય૦ ૧
પ્રગટ્યા આ કલિ કારણ, વિપ્રને પ્રસન્ન થયા; પ્રભુ૦
વૃદ્ધ વિપ્રને વિષે પ્રભુ, કંચન મેહેલ કર્યાં. જય૦ ૨
દુર્બળ ભીલ કઠીયારો જે, તેપર કૃપા કરી; પ્રભુ૦
ચંદ્રચુડ એક મહિપની, તેની તમે પીડા હરી. જય૦૩
વૈશ્ય મનોરથ પુર્ણ થયા તો, ટેક તજી દીધી; પ્રભુ૦
તે ફળ ભોગવ્યાં પ્રભુજી, ફરી પ્રાર્થના કીધી. જય૦ ૪
ભાવભક્તિના કારણથી, ભિન્ન ભિન્ન રૂપ ધર્યાં; પ્રભુ૦
શ્રદ્ધા ધારણાથી પકડી, જેનાં કાર્ય સર્યાં. જય૦ ૫
બાલ ગોપાલ સહ ભુપને, કીર્તન ભક્તિ કરી; પ્રભુ૦
મનોરથ પુરણ કીધા, દીનદયાળ હરી. જય૦ ૬
ધરે પ્રસાદ સવાયો સૌ, ફળ ફુલ ને મેવા; પ્રભુ૦
ધુપ દીપ તુલસીથી, પ્રસન્ન સત્યદેવા. જય૦ ૭
શ્રી સત્યનારાયણની, આરતી કોઇ ગાશે; પ્રભુ૦
ભણતાં મન સુખસંપત્તિ, મનવાંછિત થાશે. જય૦ ૮

જાહેર ખબર.

મહાભારત (વ્યાસ દુરગાશંકર

મહાભારતની કથા કરવામાં પંકાએલા વ્યા
રસીક વાણીથી કોઇ ભાગ્યેજ અજાણ્યું હશે. તેમ
અતિ રસિક અને બોધક છે. લગભગ ૬૦૦ પાના
હોવા છતાં દરેક માણસ એનો સહેલાઇથી લાભ
હેતુથી કીમત જુજ રાખી છે. કીમત રૂ. ૧ાા (પોષ્ટેજ ૪ આના)

ભકતમાળ (પાકું સોનેરી પુંઠું.)

આ સંસારની માયામાં જેઓ ફક્ત મગ્ન રહે છે, તેઓએ આ પુસ્તક ખાસ કરીને વાંચવું. ઇશ્વર ભક્તિને લીધે મન નિર્મળ થાય છે, અને આ જગતની ખોટી માયામાંથી મુક્ત થઇ પરમ સુખના ધામ ભણી જાય છે. આ પુસ્તકની અંદર એકસોતોતેર ભક્તોની અનન્ય ભક્તિ ઇતિહાસીક દ્રષ્ટાંતોથી બતાવવામાં આવેલી છે. પાના ૨૮૮ પાકું સોનેરી પુંઠું છતાં કી. રૂ. ૧) પોસ્ટેજ ૪ આના.

આ શિવાય અમારે ત્યાંથી વાર્તાઓના, ભજનોના નાટકોના વગેરે દરેક જાતનાં પુસ્તકો વાજબી ભાવથી મળશે. વધુ માહિતી માટે અમારૂં નવું સુચીપત્ર અડધા આનાની ટીકીટ બીડી મંગાવો.

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ.

ઠે. રીચીરોડ—અમદાવાદ.